GJSR140003722026

**<u>શ્રી જે .બી. ઘાસુરા ,ન્યાયાધીશ,શ્રમ અદાલત અને એકસ ઓફીસીયો</u>**

**<u>કમિશ્નર ફોર ધી એમ્પ્લોઈઝ કોમ્પેન્સેશન, સુરત સમક્ષ.</u>**

**ડિસ્ટ્રીબ્યુશન અરજી નં.૭/૨૦૨૬**
**આંક–૨૦**

**અરજદાર:** **સ્વ. નેમીચંદ દિનેશરામ શાહુના આશ્રિતો**
૧. નેમબાઈ શાહુ (વિધવા પત્ની)
૨. રીના નેમીચંદ શાહુ (સગીર પુત્રી)
૩. દિનેશકુમાર શાહુ (પિતા)
૪. વિમલા શાહુ (માતા)
તમામ રહે. વોર્ડ નં.૨, ગામ–પેન્ડ્રકલા, પો.બલદેવપુર,
તા.જી.ખૈરાગઢ, છતીસગઢ–૪૯૧૮૮૧.

**// વિરૂધ્ધ //**

**સામાવાળા:** (૧) **મોનાર્ક કન્સ્ટ્રકશન**
ઠે.૪૦૬, યુનિટી કોર્નર, એચ.પી.પેટ્રોલ પંપની બાજુમા,
સીટી બસ સ્ટોપની સામે, ટીપી–૧૬, પાલ,
સુરત–૩૯૪૧૦૭.

(૨) **ICICI LOMBARD GENEREL INSURANCE CO. LTD.**
ઠે.૪૦૧–૪૦૨, ચોથો માળ, ઈન્ટરફેસ–૧૧,
ન્યુ લીન્કીંગ રોડ, મલાડ(વેસ્ટ), મુંબઈ,
મહારાષ્ટ્ર–૪૦૦૦૬૪.

**વિષય: <u>કામદાર વળતર અધિનિયમ–૧૯૨૩ ની કલમ–૮ હેઠળ વળતરની જમા થયેલી રકમની વહેંચણી કરવા બાબતની અરજી.</u>**

**પ્રતિનિધિત્વ:** અરજદારો તરફે : વિ.વ.શ્રી એચ. એમ. દેસાઈ

સામાવાળા નં.૧ તરફે : જાતે.

સામાવાળા નં.ર તરફે : ગેરહાજર.

**–: હુકમ :–**

(૧) આ કામના અરજદારોએ કામદાર વળતર ધારો,૧૯૨૩ (કે જેને અધિનિયમ) તરીકે ઓળખવામાં આવશે તેની જોગવાઈ હેઠળ ગુજરનાર નેમીચંદ દિનેશરામ શાહુના અકસ્માતથી નિપજેલ મૃત્યુનાં વળતરની રકમ સામાવાળા તરફથી જમા કરાવવામાં આવેલ રૂા.૧૫,૮૮,૪૨૫/–(અંકે રૂપિયા પંદર લાખ અઠીયાસી હજાર ચારસો પચ્ચીસ પુરા) ની વહેંચણી ગુજરનારનાં આશ્રિતો વચ્ચે કરવા અર્થે ઉપસ્થિત કરવામાં આવેલ છે. રેકર્ડ ધ્યાને લેતાં આંક–૩થી પક્ષકારોને નોટીસ કાઢવામાં આવેલ છે. આ કામે અરજદારોને નોટીસ બજી જતા અરજદારો હાજર થયેલ છે. આ કામે સામાવાળાઓને નોટીસ બજી ગયેલ હોવાનું આંક–૮ અને આંક–૯ થી કામમાં રજુ થયેલ કન્સાઈનમેન્ટ/એમઓ ટ્રેકીંગ રીપોર્ટ જોતા જણાય છે.

(૨) આ કામે સામાવાળાઓએ જમા કરાવેલ રકમ રૂા.૧૫,૮૮,૪૨૫/–(અંકે રૂપિયા પંદર લાખ અઠીયાસી હજાર ચારસો પચ્ચીસ પુરા) ચલણ ક્રમાંક નં.૧૫૩/૨૦૨૫–૨૬ થી તા.૧૬/૦૧/૨૦૨૬ ના રોજ અત્રેની કચેરીમાં જમા થયેલ હોવાનું આંક–ર થી રજુ કરેલ ચલણ જોતાં જણાય છે. સદરહું જમા થયેલ રકમની એફ.ડી. રાષ્ટ્રીયકૃત બેંક બેંક ઓફ મહારાષ્ટ્ર અઠવાલાઈન્સ સુરત બ્રાન્ચમાં રસીદ નં.૦૪૬૧૮૯ થી તા.૨૧/૦૧/૨૦૨૬ના રોજ તા.૨૫/૦૨/૨૦૨૭ સુધીના સમયગાળા માટે કરવામાં આવેલ છે.

(૩) આ કામે અરજદારો તરફે આંક–૧૩ થી વકીલાતનામું તેમજ આંક–૧૨ થી અરજદારો તરફે ડિસ્ટ્રીબ્યુશન ફોર્મ રજુ થયેલ છે. આ કામે અરજદારો તરફે આંક–૧૪ ના દસ્તાવેજી લીસ્ટથી દસ્તાવેજો રજુ કરેલ છે. આ કામે અરજદારો તરફે આંક–૧૫ થી અરજદાર નં.૧ ગુજરનારના પત્ની નેમબાઈ શાહની એફીડેવીટ, આંક–૧૬ થી ગુજરનારના માતા વિમલા દિનેશકુમાર શાહુની એફીડેવીટ તથા આંક–૧૭થી ગુજ.ના પિતા દિનેશકુમાર શાહુની એફીડેવીટ રજુ કરેલ છે.

(૪) આંક–૧૪ ના દસ્તાવેજી લીસ્ટથી અરજદાર તરફે નીચે જણાવ્યા મુજબના દસ્તાવેજો રજુ થયેલ છે.

| <u>ક્રમ</u> | <u>દસ્તાવેજનું વર્ણન</u> | <u>આંક/ નિશાની</u> |
|---|---|---|
| ૧ | મર્હુમની સગીરપુત્રી રીનાના આધારકાર્ડની નકલ | ૧૪/૧ |
| ૨ | અરજદાર વિમલા (મર્હુમની માતા) ના આધારકાર્ડની નકલ | ૧૪/૨ |
| ૩ | અરજદાર નેમી બાઈના પંજાબ નેશ્નલ બેંકમાં ખોલેલ બચતખાતાની પાસબુક ઝેરોક્ષ | ૧૪/૩ |
| ૪ | તહસીલદાર ખૈરાગઢ તરફથી આપેલ આશ્રિત પ્રમાણ પત્ર અસલ | ૧૪/૪ |
| ૫ | અરજદાર દિનેશભાઈ તે મર્હુમના પિતાના આધાર કાર્ડની નકલ | ૧૪/૫ |
| ૬ | મર્હુમની પત્ની નેમભાઈ શાહુના આધાર કાર્ડની નકલ | ૧૪/૬ |
| ૭ | વહેંચણીની નોટીસ મળી તે અસલ પોસ્ટકવર | ૧૪/૭ |
| ૮ | અરજદાર દિનેશના ચુંટણી પંચે આપેલ ઓળખ કાર્ડની નકલ | ૧૪/૮ |
| ૯ | અરજદાર નેમબાઈના પાનકાર્ડની નકલ | ૧૪/૯ |

| | | |
|---|---|---|
| ૧૦ | અરજદાર વીમલાના ચુંટણીપંચે ઓપેલ ઓળખ પત્ર ની નકલ | ૧૪/૧૦ |

(૫) આ કામે અરજદારો તરફે આંક–૧૮ થી પોતાનો પુરાવો બંધ જાહેર કરેલ છે.

(૬) આ કામે આંક–૧૯ થી સામાવાળા નં.૧ તરફે નો–ઓબ્જેકશન સર્ટીફીકેટ રજુ કરેલ છે.

(૭) આ કામે ગુજરનારાના પત્ની અરજદાર નં.૧ નેમબાઈ નેમીચંદ શાહુએ આંક–૧૫થી એફીડેવીટ રજુ કરેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ મર્હુમ નેમીચંદ દિનેશકુમાર શાહુની વિધવા પત્ની અને આશ્રિત છે. તેઓને નામદાર કોર્ટ તરફથી મર્હુમના અકસ્માતથી થયેલ મૃત્યુના વળતરની વહેંચણી અંગેની નોટીસ મળતા હાજર થઈ તેઓ આશ્રીતો છે તે અંગેની સાબિતી અંગે એફીડેવીટ કરેલ છે. તેઓના મર્હુમ પતિશ્રી નેમીચંદ દિનેશકુમાર શાહુ સામાવાળા નં.૧ ને ત્યાં મજુર તરીકેની ફરજો બજાવતા હતા અને તા.૧૪/૦૯/૨૦૨૫ ના રોજ તેઓ મજકુર સામાવાળાની સંસ્થામાં નોકરી કરતા હતા ત્યારે ઓરનેટ એલીટા બિલ્ડીંગ , વેસુમાં કામગીરી કરતા હતા ત્યારે સાતમાં માળેથી અકસ્માતે પડી જતા તેમને ગંભીર ઈજાઓ થયેલ અને મજકુર અકસ્માતને કારણે થયેલ ઈજાને લીધે તેમનું મૃત્યુ થયેલ. મજકુર અકસ્માત નોકરીના સમય દરમ્યાન બનેલ હતો. મર્હુમને થયેલ અકસ્માત નોકરી દરમ્યાનનો અને નોકરીમાંથી ઉપસ્થિત થયેલ હોય સામાવાળાઓ તરફે વળતર ધારા અન્વયે ચુકવવા પાત્ર વળતરના રૂા.૧૫,૮૮,૪૨૫/– નામદાર કમિશ્નર સાહેબને ત્યાં જમા કરાવેલ છે જે રકમની ગણતરી તેઓના વકીલે કરતા તે વળતર ધારાની જોગવાઈ મુજબની જણાય આવતા તે તેઓ કબુલ રાખે છે અને તેની વહેંચણી કરી આપવા માટેની

વિનંતી કરે છે. તેમજ તેઓએ તેમની અરજીમાં નીચે મુજબના વારસોના નામ જણાવેલ છે. (૧) નેમબાઈ નેમીચંદ (વિધવા પત્ની)(ઉંમર –૨૭), (૨) રીના નેમીચંદ (સગીર પુત્રી) (ઉંમર–૬), (૩) દિનેશકુમાર વેદરામ શાહુ (પિતા) (ઉંમર–૫૪), (૪) વિમલા દિનેશકુમાર શાહુ (માતા) (ઉંમર–૫૧). વધુમાં તેઓ જણાવે છે કે, ઉપરોકત વારસો અને આશ્રિતો પૈકી તેઓ તમામ અરજદારો પાસે સ્વતંત્ર આવકનું કોઈ સાધન ન હતું અને તેઓનો નિર્વાહ મર્હુમની આવકમાંથી થતો હતો. જેથી તેઓ મર્હુમના વળતર ધારાની જોગવાઈ મુજબના આશ્રિત છે. તેઓએ પુન:લગ્ન કરેલ નથી. તેઓ અરજદારોને આ અરજીના કામે કાર્યવાહી કરવાના થયેલ ખર્ચ તથા મર્હુમની અંતિમ ક્રિયાના તથા સગીરાના વિદ્યાભ્યાસના ખર્ચને પહોંચી વળવા નામદાર ગુજરાત હાઈકોર્ટના ડાયરેકશન મુજબની રકમ તેઓને એકાઉન્ટ પેયી ચેકથી ચુકવી આપવા અરજ કરેલ છે. તેઓએ આ સાથે તમામ અરજદારોના રહેઠાણ તથા ઓળખના તમામ જાહેર દસ્તાવેજો રજુ કરેલ છે જે આધારકાર્ડ છે અને તે માનવાલાયક પુરાવા છે. મર્હુમના વારસો બાબતે અધિકૃત વ્યકિતનું સર્ટીફીકેટ રજુ છે તે અરજદારની, ઉંમર રહેઠાણ તથા આઈડેન્ટીટી માટે ધ્યાનમાં લેવા અરજ છે. તેઓએ મર્હુમના વારસો બાબતે તહસીલદાર ખેરાગઢનું પ્રમાણપત્ર અસલ રજુ કરેલ છે. સગીર અરજદાર તેઓની સાથે રહે છે તેઓ તેની કુદરતી વાલી છે અને તેમના નિર્વાહ અંગે ખર્ચ કરે છે. આ સાથે તેઓએ વહેંચણી ફોર્મ ભરેલ છે તેમાં દર્શાવેલ તમામ વ્યકિતઓ આશ્રિતો છે અને કોઈપણ આશ્રિત હોય તેવા વ્યકિત જોડવાના બાકી રાખેલ નથી અને તમામની કાયદેસર રીતે અને પ્રમાણિકપણે જાહેરાત આપી પક્ષકાર તરીકે બતાવેલ છે જેઓ આશ્રિતો હોય વળતર ધારાની કલમ–૨(૧)(ડી)

મુજબ વળતર મેળવવા માટે કાયદેસર રીતે હકકદાર છે. તેઓને સામાવાળા સંસ્થાએ બીજી નાણાકીંય મદદ કરેલ છે તેમજ મેડીકલ બીલ સહિતની રકમ તેઓને આપેલ છે અને તે હિસાબે તેઓ સામાવાળા સામે વ્યાજ કે પેનલ્ટી કાંઈ મેળવવા માંગતા નથી અને સ્વૈચ્છાએ જતા કરે છે. આમ, ઉપરોકત હકીકત અરજદાર નં.૧નાઓએ તેઓની સોગંદપરની જુબાનીમાં જણાવેલ હોય જે નહીં માનવાને કોઈ કારણ નથી.

આ કામે અરજદાર નં.૪ મર્હુમના માતા વિમલા દિનેશકુમાર શાહુએ આંક–૧૬ થી તથા અરજદાર નં.૩ દિનેશકુમાર શાહુએ આંક–૧૭ થી પુરાવાની એફીડેવીટ રજુ કરેલ છે જેમાં તેઓએ અરજદાર નં.૧ એ આંક–૧૫ ની એફીડેવીટમાં જણાવેલી હકીકતો દોહરાવેલ છે જેથી પુનરાવર્તનનો દોષ ટાળવાનાં હેતુથી તેની અત્રે ચર્ચા કરવામાં આવેલ નથી.

(૮) આમ, ઉપરોકત અરજદારો તરફે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા અરજદાર નં.૧ ગુજરનારની વિધવા પત્ની થતા હોઈ, અરજદાર નં.૨ ગુજરનારની સગીર પુત્રી થતી હોઈ, અરજદાર નં.૩ ગુજરનારના પિતા થતા હોઈ તેમજ અરજદાર નં.૪ ગુજરનારના માતા થતા હોઈ આ કાયદાની કલમ–૨(૧)(ડી) ની જોગવાઈ ધ્યાને લેતાં અરજદાર નં.૧ થી ૪ નો સમાવેશ ગુજરનારના આશ્રિતોમાં થાય છે. આ સિવાય ગુજરનારના કોઈ આશ્રિત નહીં હોવાનું અરજદાર નં.૧ નાઓએ સોગંદપર જણાવેલ હોઈ જે નહીં માનવાને કોઈ કારણ નથી. તે સંજોગોમાં અરજદાર નં.૧ થી ૪ અકસ્માત વળતરની રકમ મેળવવા હકકદાર બને છે.

(૯) આ કામે સામાવાળા નં.૧ તરફે આંક–૧૮ થી નો–ઓબ્જેકશન

સર્ટીફીકેટ રજુ કરેલ છે. તેમજ સામાવાળા નં.ર ને નોટીસની ધોરણસર બજવણી થઈ ગયેલ હોવા છતાં સામાવાળા નં.ર કે તેઓ તરફે કોઈ હાજર રહેલ નથી કે કોઈ વાંધો તકરાર લીધેલ નથી. તે સંજોગોમાં સામાવાળા નં.રને વળતરની રકમ ગુજરનારના આશ્રિતો વચ્ચે વહેંચી આપવામાં આવે તો તેઓને વાંધો નહીં હોવાનું માનવાને કારણ રહે છે. જેથી જમા થયેલ વળતરની રકમની વહેંચણી અરજદાર નં.૧ અને ૪ ને કરવી ન્યાયોચિત જણાય છે.

(૧૦) આ કામમાં સામાવાળાએ અકસ્માત વળતરની રકમ રૂા.૧૫,૮૮, ૪૨૫/- (અંકે રૂપિયા પંદર લાખ અઠીયાસી હજાર ચારસો પચ્ચીસ પુરા) જમા કરાવેલ છે. સદર કામે ગુજરનારના આશ્રિતો વચ્ચે જમા થયેલ રકમની વહેંચણી **નામદાર ગુજરાત હાઈકોર્ટના સને-૨૦૦૭ એલ. એલ. એમ. પેજ નં. ૧૦૮૫ ઘી ન્યુ ઈન્ડીયા ઈન્સ્યોરન્સ કંપની વિ. નરસિંહભાઈ હરીજન એન્ડ અધર્સ**ના ચુકાદામાં આપેલ ગાઈડ લાઈનને અનુસરીને તેમજ ઉપરોકત હકીકત અને સંજોગો ધ્યાનમાં લઈ નીચે મુજબ વહેંચણીનો હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

ગુજરનાર નેમીચંદ દિનેશરામ શાહુના અકસ્માત મૃત્યુ વળતર પેટે જમા થયેલ રકમ રૂા.૧૫,૮૮,૪૨૫/-(અંકે રૂપિયા પંદર લાખ અઠીયાસી હજાર ચારસો પચ્ચીસ પુરા) ની રકમ ગુજરનારના કાયદેસરના આશ્રિતો વચ્ચે શરતોને આધિન નીચે મુજબ વહેંચણી કરવામાં આવે છે.

(૧) અરજદાર નં.૧ નેમબાઈ શાહુ તે ગુજરનારની વિધવા પત્નીને રૂા.૭,૮૮,૪૨૫/-(અંકે રૂપિયા સાત લાખ અઠીયાશી હજાર ચારસો પચ્ચીસ પુરા) ની રકમ ફાળવવામાં આવે છે. જે પૈકી

રૂા.૧,૧૯,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ ઓગણીશ હજાર પુરા)ની રકમનો અરજદાર નં.૧ ના નામનો એકાઉન્ટ પેઈ ચેક બેંન્કે ઈસ્યુ કરવો તેમજ બાકી રહેતી રકમ રૂા.૬,૬૯,૪૨૫/– (અંકે રૂપિયા છ લાખ ઓગણ સીતેર હજાર ચારસો પચચીસ પુરા)ની અરજદાર નં.૧ તથા કમિશ્નરશ્રી વર્કમેન કોમ્પેનસેશનના સંયુકત નામે ૫(પાંચ) વર્ષ માટે કોઈ પણ રાષ્ટ્રીયકૃત બેંકમાં ફીકસ ડીપોઝીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) અરજદાર નં.૨ રીના નેમીચંદ શાહુ તે ગુજરનારની સગીર પુત્રીને રૂા.૨,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા બે લાખ પુરા)ની રકમ ફાળવવામાં આવે છે. જે અરજદાર નં.૨ તથા કમિશ્નરશ્રી વર્કમેન કોમ્પેનસેશનના સંયુકત નામે અરજદાર નં.૨ પુખ્ત વયના થાય ત્યાં સુધી કોઈ પણ રાષ્ટ્રીયકૃત બેંકમાં ફીકસ ડીપોઝીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) અરજદાર નં.૩ દિનેશકુમાર શાહુ તે ગુજરનારના પિતાને રૂા.૩,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા ત્રણ લાખ પુરા)ની રકમ ફાળવવામાં આવે છે.જે પૈકી રૂા.૪૫,૦૦૦/–(અંકે રૂપિયા પીસ્તાલીસ હજાર પુરા) ની રકમનો અરજદાર નં.૩ ના નામનો એકાઉન્ટ પેઈ ચેક બેંન્કે ઈસ્યુ કરવો તેમજ બાકી રહેતી રકમ રૂા.૨,૫૫,૦૦૦/–(અંકે રૂપિયા બે લાખ પંચાવન હજાર પુરા)ની અરજદાર નં.૩ તથા કમિશ્નરશ્રી વર્કમેન કોમ્પેનસેશનના સંયુકત નામે ૫(પાંચ) વર્ષ માટે કોઈ પણ રાષ્ટ્રીયકૃત બેંકમાં ફીકસ ડીપોઝીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) અરજદાર નં.૪ વિમલા શાહુ તે ગુજરનારની માતાને રૂા.૩,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા ત્રણ લાખ પુરા)ની રકમ ફાળવવામાં આવે છે.જે પૈકી રૂા.૪૫,૦૦૦/–(અંકે રૂપિયા પીસ્તાલીસ હજાર પુરા) ની રકમનો અરજદાર નં.૪ ના નામનો એકાઉન્ટ પેઈ ચેક બેંન્કે ઈસ્યુ

કરવો તેમજ બાકી રહેતી રકમ રૂા.૨,૫૫,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ પંચાવન હજાર પુરા)ની અરજદાર નં.૪ તથા કમિશ્નરશ્રી વર્કમેન કોમ્પેનસેશનના સંયુકત નામે ૫(પાંચ)વર્ષ માટે કોઈ પણ રાષ્ટ્રીયકૃત બેંકમાં ફીકસ ડીપોઝીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**-:: શ ર તો ::-**

(૧) અરજદારોને એકાઉન્ટ પેઈ ચેકથી ચુકવવાની થતી રકમ તેઓની યોગ્ય અને પુરતી ઓળખ મેળવી ચુકવી આપવી.

(૨) જયારે એફ.ડી ની રકમ અરજદારો તથા કમિશ્નરશ્રી વર્કમેન કોમ્પેનસેશનના સંયુકત નામે કોઈ પણ રાષ્ટ્રીયકૃત બેંકમાં કરવી.

(૩) બેંકે મુળ એફ.ડી ઉપર આજ દિન સુધી ચઢેલ વ્યાજ અરજદાર નં.૧ ને એકાઉન્ટ પેઈ ચેકથી ચુકવી આપવુ.

(૪) બેંકે એફ.ડી.ની રકમ ઉપર જમા થતા વ્યાજની રકમ જે-તે અરજદારોને દર ૩ માસે એકાઉન્ટ પેઈ ચેકથી/ ખાતામાં સીધે સીધુ ચુકવવુ. જો અરજદારોને સિનિયરો સિટીઝનનો લાભ મળવા પાત્ર હોય તો તે આપવો.

(૫) અરજદાર નં.૨ ની એફ.ડી.ની રકમ ઉપર જમા થતા વ્યાજની રકમ અરજદાર નં.૨ સગીર હોય અરજદાર નં.૧ ને એકાઉન્ટ પેઈ ચેકથી/ ખાતામાં સીધે સીધુ ચુકવવુ અને જે અરજદાર નં.૨ ના અભ્યાસ માટે અને તેઓના ઉજજવળ ભવિષ્ય માટે વાપરી શકશે.

(૬) બેંકે એફ.ડી.માં મુકેલ રકમ ઉપર કોઈ લોન, બોજો કે ધીરાણ કરવુ નહીં કે અત્રેની અદાલતના હુકમ વગર બેંકે ડીપોઝિટની રકમ કોઈને ચુકવવી નહીં. આ અંગેની નોંધ લાલ સહીથી અસલ ફીકસ ડીપોઝિટ ઉપર બેંકે કરવી.

(૭) બેંકે સદર ફીકસ ડીપોઝિટની અસલ રસીદ તથા એકાઉન્ટ પેઈ ચેકથી ચુકવ્યાની યાદી દિન–૧૦ માં અત્રેની અદાલતમાં રજુ કરવી.

હુકમ આજરોજ તા.૦૭/૦૮/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૦૭/૦૮/૨૦૨૬.
સ્થળ : સુરત.

**(જાવેદઅખ્તરખાન બાજીતખાન ઘાસુરા)**
ન્યાયાધીશ (એસ.ડી), શ્રમ અદાલત અને
એકસ ઓફીસીયો કમિશ્નર ફોર ધી
એમ્પ્લોઈ કોમ્પનસેશન,
મજુર અદાલત નં.ર, સુરત.
Code No. GJ01028